સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૪૬ / શુમારો : ૨

કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૪૦ / નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૮

# તલાકથી તલાક મુમ્કિન છે

દીને ઈસ્લામમાં હર ચીઝ વાસ્તે ઈન્સાફ છે, મીઝાન છે અને મુનાસિબ તરીકો છે. નિકાહ કરવા તે સુન્નતે મોઅક્કેદહ છે, પણ નિકાહ બાદ જો મરદ-બૈરોમાં નાઈત્તેફાકી વાકેઅ થાય, મિઝાજ ના જામે, એક સાથે રહેવું દુશ્વાર થઈ જાય અને તમામ તરહની કોશિશો બાદ પણ કોઈ ખૈર નતીજો ના નિકલે તો શરીઅતે એહસાન અને ભલાઈ સાથે છૂટા થાવાની ઈજાઝત આપેલી છે અને આ જુદા થાવાના તરીકાને તલાક કહે છે. તલાક કુલ ૧૧ તરહની છે. તેમાં મરદ-બૈરો માંથી કોઈ સાથે પણ નાઈન્સાફી ના થાવી જોઈએ. **એહસાન અને ખૈર સાથે જુદાઈ થાવી જોઈએ.**

પણ તલાક, કરાહીયત અને નાપસંદીદહ અમલ છે. નાછુટકે કરવું પડે તેવું આખિરીમાં આખિરી પગલું છે. તલાકના સબબ ને ઘરોને દરમિયાન દુશ્મની અને અદાવત પૈદા થાય છે અને અર્શે ખુદા જુંબિશ અને લરઝીદગીમાં આવી જાય છે. મરદની ઝિંદગી અને બૈરોની ઝિંદગી એક સાથે મિલે તો ફ્રીકશન (ઘર્ષણ) પૈદા થાવાનું જ. ઝરૂરી નથી કે, જે ચીઝ મરદને ગમે તે બૈરોને પસંદ આવે જ. **બેવેની તબીઅત-મિઝાજ અલગ હોય તો પસંદ-નાપસંદ પણ અલગ હોવાની જ.** આ હસીન ઝિંદગીની સવારીના બે પૈડા મુજબ મરદ-બૈરોને એકબીજાની પસંદ-નાપસંદને કુબૂલ કરીને, એકબીજા પર ભરોસો રાખીને અને એકબીજાની ખામી, કુસૂર અને ઐબને મુઆફી-તલાફી કરવું જોઈએ. નાની-નાની ભુલો અને ઝઘડાઓને નઝરઅંદાઝ કરીને ઝિંદગીના સફરને આગલ વધારવો જોઈએ. હર જગા આઝમાઈશ અને ઈમ્તેહાન છે, સખ્ત-સહેલા ફેસલા લેવા પડે છે, ખુશી-ગમીનો સામનો કરવો પડે છે, તો મરદ-બૈરો એકસાથે પોતે એકબીજાના થઈને સબર અને ખુશી-ખુશી ઝિંદગીની આ સચ્ચાઈને ગલે લગાવી લે તો ઈઝદેવાજી-સાંસારિક ઝિંદગીને એક નવી ઝિંદગી મિલવાથી કોઈ રોકી શકતું નથી.

જે લોગો આ બધી ચીઝોથી ગાફિલ છે, પોતાની ઝિદ અને તકબ્બુરીના સબબ સમઝવા તૈયાર નથી, તેઓના સબબ આજે સમાજમાં તલાકનો મસ્અલો પણ ઘણો જ પૈચીદા થાતો જાય છે. મુસ્તકબિલનો ખયાલ કીધા બગૈર, જલ્દબાઝીમાં યા તમાઅ-લાલચમાં યા ફોરેન જાવાના જુનૂનમાં, ઘરના માહૌલની બેઝીક જાણકારી ના હાસિલ કરીને, રિશ્તો કાઈમ કરીને પછી ના જેવી વાત પર ઝઘડાઓ કરીને તલાક આપી દેવાના કિસ્સાની તાઅદાદ વધી રહી છે. હર શખ્સને સમઝવું જોઈએ કે, દુનિયામાં કોઈ પણ ઈન્સાનને પોતાના દિલનું હર વક્ત મિલતું નથી, હર ઉમ્મીદ અને તલબ પૂરી થાતી નથી, સમઝૌતો-એડજેસ્તમેન્ટ-કોમ્પ્રો તો કરવો જ પડે છે. યા તો ખુદની ખુશીમાં બીજાને શરીક કરવા જોઈએ યા ખુદને બીજાની ખુશીમાં શરીક થાવું જોઈએ. મરદ-બૈરોમાં કોઈ સબબથી ના બને, નાઈત્તેફાકી થાય, સખ્ત કલામ થાય, **તો એવી હાલતમાં કોઈ રસ્તો કાઢવામાં જ મઝા છે.** ઘરમાં જમન પાકે છે તો તેમાં ફક્ત મિઠાશ નથી હોતી, પણ જમનની લઝ્ઝત અને મઝા તો તે વક્ત આવે કે મિઠાશને સાથે ખરાશ અને તીખાશ હોય.

ખુદાતઆલા પર ભરોસો રાખીને, નૈક ઈરાદા સાથે નમાઝી-પરહેઝગાર-ઈઝ્ઝતદાર ઘર સાથે પોતાના દીકરા-દીકરીની નિસ્બત કરી મુબારક રિશ્તાને બાંધીને, મુમેનીને પોતાની ઔલાદ વાસ્તે ઝિંદગી ભરની મઝબૂતી બખ્શવી જોઈએ. આકા મૌલા આપના બયાનમાં ફરમાવે છે કે, **"પરહૈઝગારી હશે તો ઘરમાં દૌલત આવશે. પણ**

(બકીયાહ પેજ નં. ૨ પર)

**અગર કોઈને ઈન્સાફમાં તંગી લાગતી હોય, તો ઝુલ્મ તેના કરતા ઝિયાદહ તંગ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

**દૌલતના સબબ કોઈ વક્ત પરહેઝગારી આવનારી નથી.** " હર શખ્સ ખુદાના ફઝલથી પોતાની તાકત મુજબ રોઝી કમાઈ છે. હર કોઈ પાસે આજે પૈસા છે. તો ફક્ત પૈસા અને સેલેરી જોઈને, બેંક બેલેન્સ, આઅલા ઘર-બંગલો-નોકર-ચાકર જોઈને શાદી કરી દેવી તે પછી શાદીનો મુકદસ રિશ્તો નથી રહેતો પણ ફક્ત સોશીયલ સ્ટેટસ અને જિસ્માની તઅલ્લુક ખાતિર નામ રહી જાય છે.

દીકરા-દીકરીઓની આવનારી કે શુરૂ થાનારી ઈઝદેવાજી જિંદગીમાં, ઘણા કિસ્સાઓમાં, માઁ-બાપનું ઝૌર, માઁ તરફથી દીકરીઓને ચઢાવવી, સાસૂ-નણંદ તરફથી વહુ સાથે બદસુલૂકી કે નાઈન્સાફી, શક-ઈલ્ઝામ, ગૈર-ઝરૂરી ડીમાન્ડ, મોબાઈલનો ફિત્નો, હસદખોરી, ગૈર-મુનાસિબ ખર્ચો, મરઝી મુજબ ઘરથી બાહર રહેવું, બૈરો-બચ્ચાંના રોઝના નીજી ખર્ચાઓ તરફ મરદનું ધ્યાન ના આપવું, મરદનું બૈરોને કોઈ વાત ના કરવી, રાતે લેટ આવવું, બૈરોનું લંબા વક્ત તક પોતાના માઁના ઘરે રહેવું, મરદની મરઝીને ખિલાફ બૈરોનું જોબ કરવું, ઘરના મોટાની રઝા બગૈર બૈરોનું ઘરથી બાહર જાવું, જમન અને ઘરની બીજી ચીઝોનો ખયાલ ના રાખવો વગૈરહ વગૈરહ. આ તમામ ચીઝો કે, જેનું લિસ્ટ ઘણું ઘણું લંબું અને શરમનાક છે, **મરદ-બૈરોની રિશ્તેદારીમાં દરાર અને કડવાશ લાવવા વાસ્તે કાફી છે.** ઘણી વક્ત તો મરદ-બૈરોમાં કંઈ હોતું નથી, બિલકુલ મોહબ્બત હોય છે અને બીજા લોગો પોતાના ઝાતી ફાયદા વાસ્તે નાઈત્તેફાકી અને જુદાઈ પૈદા કરાવે છે. મરદ-બૈરોને આ ચીઝની ખબર હોવી જોઈએ કે, કોણ અપનું છે અને કોણ નથી! મરદ-બૈરો પોતાની ઉલઝનોંને ખુદ બેસીને ખુલાસા-વાર સુલઝાવે તે જ બહેતર છે.

કમાતી દીકરીઓ પર માઁ-બાપની બદ "**નઝર**" એની પૂરી ઝિંદગીને નઝર લગાડી દે છે. જે કઈ બૈરો કમાઈ તેની પૂરેપૂરી ખબર તેના શૌહરને હોવી જ જોઈએ. શૌહર પછી જે કઈ કરવાની ઈજાઝત આપે તે મુજબ બૈરોને અમલ કરવો જોઈએ. પૈસાની બાબત કોઈ વક્ત પણ બૈરોએ પોતાના મરદથી છુપાવવી ના જોઈએ. ઘણા ઘરોંમાં ઝઘડાની જડ આ જ ચીઝ છે. માઁ-બાપ પોતાના પગ પર કુલ્હાડી મારવાથી બાઝ આવી જાય તો શાયદ તલાક મામલે ૨૫% સુધારો હાથવેંતમાં છે. દીકરા-દીકરીઓને પણ મોટું મન રાખીને, અરસ-પરસ એકબીજાનો ખયાલ રાખીને, લેટ-ગો અને ચલાવી લેવાની આદત પાડીને, ઝિંદગીની ગાડીને આહિસ્તગીથી, સલુકાઈથી દોડતી રાખવી જોઈએ. અપની અલવી જમાઅતમાં રહેનાર હર મુમિન ભાઈ કે બહેન અપના છે. દૌલતના, ખાનદાનના કે ભણતરના તરાઝૂમાં ના તોલતાં રિશ્તાઓ કાઈમ થાશે, સચ્ચાઈ અને ખિદમતની બિના પર ટીકશે, તો ઝરૂર જમાઅતની આબાદી બરકરાર રહેશે. કેમકે, શાદીમાં એક-બે પૈસાનો ખર્ચ હવે નથી રહ્યો પણ તેનો અંદાઝો આજે લાખોં રૂપિયા પર પહોંચેલો છે. ઉમ્મીદ છે કે, શાયદ ચાંદની મિસિલ અપની જમાઅત રિશ્તાઓની ખૂબસૂરતી સાથે બીજા વાસ્તે મિસાલ બનીને કામિયાબ થાશે.

**"A will will find a way."** ☆

---

(પેજ નં. ૯ નું બાકી)

તબાહી હોય છે. ઝિના, લવાતત અને સોહક બદતરીન ગુનાહ છે, એની સઝા ખુદાનો શદીદ અઝાબ, આસ્માનથી પત્થરોનો વરસાદ અને ઝમીન પણ આવા બદકારોને ખુદના અંદર રાખતી નથી. એવા લોગોને ઝમીન નાપાક જગાઓ પર ફેંકી દે છે. શરીઅતમાં તેઓની કોઈ મુઆફી નથી પણ ગુનાહ મુજબ કોલ્લા, રજમ (પત્થરથી મારી નાંખવું) અને કત્લ છે. ખુદાતઆલા મુમેનીનને આ તરહની નાપાક ચીઝોથી હિફાઝત અને અમનમાં રાખે.

**અઆઝનલ્લાહો મિન ગઝબેહી વ અસ્બાબે ગઝબેહી બેહૌલેહી વ કૂવતેહી.** ☆

**અગર કોઈને નમાઝ ભારી લાગતી હોય, તો નમાઝને મુકી દેવું તો તેના કરતા ઝિયાદહ ભારી છે.**

## અબુલ હસન મૌ. ઈમામ અલી ઈબ્નિલ હુસૈન ઝૈનુલ આબેદીન (અ.સ.) ની ઝિક્ર

તારીખના કિતાબોમાં બયાન આવેલું છે કે, આપ મૌલા અલી ઝૈનુલ આબેદીનની વિલાદત-જન્મ ૫ શાઅબાનુલ કરીમ ૩૩ હિજરીમાં મદીનતુલ મુનવ્વરહમાં થઈ. આપના બાવાજી સાહેબ ઈમામ હુસૈન (અ.સ.) આશુરાના દિન શહીદ થયા તે દિન આપ મૌલા ૨૮ સાલના હતા. રિવાયતમાં છે કે, યઝદઝર્દ બિન શહેરયાર બિન કિસ્રાના બે દિકરીને કિસ્રાના મુલ્ક માંથી દૌરે ખિલાફતે સાનીના વક્તમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) બા-ઈઝઝત અને બા-વકાર મદીના લઈ આવા હતા. આ બે દીકરીઓ માંથી એક દીકરી કે જેનું નામ મૌ. શહરે બાનૂ હતું, તે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના નિકાહમાં આવા જેના નતીજા આપ મૌલા છે. બીજા દીકરી સાથે મૌ. મોહંમદ ઈબ્ને અબી બકરે શાદી કીધી કે, જેનાથી કાસિમ નામના ફરઝંદ થયા.

આશિકે અહલુલ બૈત મૌ. બોહલૂલ દાના બયાન કરે છે કે, એક વરસ હું હજ્જ વાસ્તે કૂફાથી નિકલો. મારા સાથે મારો મુખ્તસર તૌશો હતો. કૂફાની ગલીઓ માંથી હું ગુઝરતો હતો તે વક્ત એક ગલીમાં ગયો તો હું શું જોવ છું કે, ત્યાં બચ્ચાઓ અખરોટ અને બાદામથી રમી રહ્યા છે. મગર તેમાંથી **એક ફરઝંદ એવા હતા કે, જે એક તરફ ઊભા રહીને રોઈ રહ્યા છે.** બોહલૂલ કહે છે કે, મેં તે બચ્ચાને નઝદીક ગયો અને કહ્યું કે, અય ફરઝંદ! તમેં કેમ રોઈ રહ્યા છો? અગર આ બચ્ચાં જેમ અખરોટ અને બાદામ તમારા પાસે ના હોય તો મારા સાથે બાઝારમાં ચલો, મેં તમને અપાવી દઉં. આ તરહ તમેં રોવ છો તે મને ગમતું નથી.

તે વક્ત ફરઝંદે માથું ઊંચું કીધું અને કહેવા લાગા કે, "અય બુઝુર્ગ, તમેં ઉંમરમાં મારા કરતા ઘણા મોટા છે. તમેં જ અક્લથી સોચો અને ઈન્સાફ કરો કે, શું અપને યહાઁ લહવો લઅબ-રમતબાઝી વાસ્તે પૈદા થયા છે?" બોહલૂલ કહે છે કે, આ કલામ એક નાના ફરઝંદની ઝબાનથી સાંભલીને હું હયરતમાં પડી ગયો! મેં પૂછું કે, "અય ફરઝંદે બાઅદબ! તો તમેં બતાવો કે, **ખુદાતઆલાએ અપને આ જહાનમાં શા વાસ્તે પૈદા કીધા છે?**" તે ફરઝંદે ફિકરઅંગૈઝ અંદાઝમાં જવાબ આપો કે, ખુદાતઆલાએ અપને તેની ઈબાદત વાસ્તે પૈદા કીધા છે. ઈબાદત કેવી કે જેના સબબ ખુદાની ખુશી હાસિલ થાય. મેં કહ્યું કે, અય ફરઝંદ! તમેં કેટલી અઝીમ વાત કહી દીધી. મગર તમેં મને આ ચીઝ કઈ સનદથી કહો છો? ફરઝંદે કહ્યું કે, અય બુઝૂર્ગ! શું તમેં ખુદાના આ કૌલને નથી સાંભલો કે, "**વમા ખલકનસ્સમાઆ વલ અરઝા વમા બયનહોમા લાએબીન**", યાઅની કે, આસ્માનો ઝમીન અને તે બેવેના દરમિયાન જેટલી પૈદાશુદા ચીઝો છે તે સઘલાને હમેં રમતબાઝી કરીને પૈદા કીધી નથી. મગર હર તખ્લીકે કાએનાત પાછલ હમારો મકસદ અને હિકમત છે. રમતબાઝી અને ખેલ તો બાતિલ છે, શયતાની જાલ છે. લહવો લઅબની ગિરફ્તથી હક્કના મુમેનીન બરી છે, દૂર છે.

ખુદાતઆલા આ જ મુજબના મફહૂમની એક બીજી આયત ફરમાવે છે કે, "**વમા ખલકતુલ જિન્ના વલ ઈન્સા ઈલ્લા લેયાઅબોદૂન, મા ઉરીદો મિન્હુમ મિર રિઝકિન વમાં ઉરીદો અય યુત્એમૂન**", યાઅની કે, મૈં એ જિન્ન અને ઈન્સને પૈદા નથી કીધા મગર એ વાસ્તે કે તેઓ મારા બન્દા બને, મારી ઈબાદત કરે. તે લોગોથી મેં કોઈ રિઝક નથી ચાહતો અને નથી ચાહતો મૈં કે તે લોગો મને જમાડે. કોઈ પણ શખ્સને વધારેમાં વધારે ફિકર રોઝી અને જમનની હોય છે. જો રોઝી આસાન હોય તો તે બાકી બીજા ઊમૂરને સહૂલત સાથે સંભાલી લે છે. તો ખુદાતઆલા એક ઈન્સાનના ઝહેન મુજબ આ આયતમાં ફરમાવે છે કે, મને કોઈ રોઝી કે જમનની હાજિત નથી, મને કોઈ બીજો મુતાલેબો નથી, મગર એક ખાલિકની હૈસીયતથી હું એમ ચાહું છું કે, તમેં મારી ઈબાદત કરો. તમારી આ કીમતી ઝિંદગીના વક્તને બીજા નામુનાસિબ કામોંમાં ઝાયેઅ ના કરી નાંખો. **મારી ઈબાદત સિવાય તમારી નજાત નહીં થઈ શકે.** તમેં મારી

(બકીયાહ પેજ નં. ૬ પર)

**જૂઠ બોલવા કરતા તો સાચી વાતને છુપાવવું ઝિયાદહ ખરાબ છે.**

## અલ-અકાઈદુલ અલવીયાહ : કિસ્ત - ૧

### અલવી અકીદાઓ (અકીદો-૧)

દીને ઈસ્લામ એક છે, અલ્લાહતઆલાની વહદાનીયતની બુનિયાદ એક પર છે, અલ્લાહના જે નબી આ દીને અત્હર, મઝહબે કામિલ અને શરીઅતે ગર્રા લઈને આ દુનિયામાં પધારા તે એક છે, જે કિતાબે મુનવ્વર પર દીને ઈસ્લામના ઊસૂલ મુન્હસિર છે તે કુરઆને કરીમ, ફુરકાને હકીમ છે, તે પણ એક છે. અહલે ઈસ્લામ અને ફરઝંદાને ઈમાન જેના તરફ તવજ્જોહ કરીને, ઈબાદતમાં મૂઁહને તેના તરફ ફિરાવીને અલ્લાહતઆલાને સજદો કરે છે તે ઈબ્રાહીમી નિશાની કાઅબતુલ્લાહ પણ એક છે. આ કાઅબતુલ્લાહ જ નમાઝ અને દોઆ વાસ્તે કિબ્લા બના. દીને ઈસ્લામની હકીકતોને સાચવવા અને દોઆતના ઝરીએ મુખ્તલિફ ઈલાકાઓમાં લોગો દરમિયાન તેને ફેલાવવા અલ્લાહતઆલા તરફથી નબી યા તેના કાઈમ-મકામ એક રહ્યા છે. પહેલા નબી આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી આખિરી નબી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક આ જ મુજબ સુન્નત જારી રહી છે. **આ સુન્નતની માઅરેફત રાખનાર હક્કના મુમેનીન છે.** નબી બાદ જે દરજો છે વસાયતનો યા આમ ઝબાનમાં ખિલાફતનો તે એક કરતા ઝિયાદહ શખ્સોનો ન હોય શકે. શિર્ક તેને કહેવાય કે જેને એક માનવાનું હોય તેમાં બીજાને શરીક-ભાગીદાર બનાવવામાં આવે.

અલ્લાહતઆલા, તેનું દીન, તેના નબી, તેની કિતાબ અને તેના કિબ્લામાં લોગોમાં કોઈ તફરીક અને ઈખ્તેલાફ બ-ઝાહિર દેખાતો નથી. જેમ આમ તૌર પર ઈન્સાની જિસ્મ એક જેવું જ લાગે છે. તમામને જોવામાં આવે તો જિસ્મનો ઢાંચો એક જ જેવો દેખાય છે. એક માથું, એક સીનો, એલ પેટ, બે હાથ, બે પગ વગૈરહ. પણ હર જિસ્મનું બાતિન અલગ હોવાના સબબ તેની શનાખ્ત પણ અલગ થઈ જાય છે. લેહાઝા, ફક્ત ઝાહિરી નહીં પણ બાતિનને જાણવું ઝિયાદહ ઝરૂરી બની જાય છે. નબી સાહેબે પોતાની ઝિંદગીમાં ઉમ્મતના લોગોને દીનો દુનિયા બાબત ઝાહિરી તૌરથી તમામ ચીઝો સમઝાવી દીધી અને બતાવી દીધું કે, મારી મૌત બાદ તમેં કયા સાહેબ પાસે તમારા સવાલ અને હાજિત લઈને પૈશ થાશો, તાકે તમને સહી જવાબ અને સાચો રસ્તો હાસિલ થઈ શકે. પણ ઉમ્મતે મુસ્લેમહની બદકિસ્મતી અને પસ્ત ઈકબાલી કહો કે, તેઓ ઈસ્લામ જેવા દીને હક્કના સહી મતલબને સહી સાહેબ પાસેથી ન સમઝી શકા. ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ ફસાદદાર લોગોએ આપના કૌલ-અમલ સમઝવામાં ઝુલ્મ કીધો, નાઈન્સાફી કીધી.

શરીઅત અને કુરઆને કરીમના બાતિની-અંદરૂની માઅના-મતલબને પીઠ પાછલ નાખીને ફક્ત તેની ઝાહિરી-ખુલ્લી સમઝ-તફસીરને જાણીને ઉમ્મતના લોગોએ પોતાના ઈલ્મ-અમલનો ખાકો બનાવી લીધો. હક્ક શું છે તેની કોઈએ તફતીશ-તલાશ ન કીધી. જે જગા પરથી મનફાવતું આસાન દીન મિલું તેને અપનાવી લીધું અને તેને જ પોતાની ઝિંદગી ગુઝારવાનો રસ્તો સમઝી બેસા. યાદ રહે કે, સાચી, અસલ અને બુનિયાદી ચીઝને સમઝવી અને અપનાવવી આસાન નથી. સબર કરનાર થોડા લોગો જ તેને ઓલખી શકે છે. બનાવટી-બાઝારૂ ચીઝને અસલી માનીને તેને લઈને બેસી જાનાર બેશુમાર લોગો છે, તેથી જ તો શયતાનના મકરો દગાનું બાઝાર હર વક્ત ગરમ રહે છે. **હર ચીઝનો લુત્ફ મહેનતમાં છે.** પછી તે ઈબાદત હોય કે તિજારત હોય. પણ ઈન્સાનને તો હર ચીઝ ડાયરેક્ટ અને સ્માર્ટ જોઈએ છે. અલ્લાહતઆલાનો રિશ્તો રાખવામાં પણ કમઅક્લ બંદો ડાયરેક્ટ અને સ્માર્ટ બનવા માંગે છે. કોઈ દરમિયાનમાં ન હોવું જોઈએ. જો આમ જ મુમ્કિન હોત તો અલ્લાહતઆલા પોતાની વહ્ય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દિલ પર ડાયરેક્ટ ઉતારેત, જિબ્રઈલ અમીનની ઝરૂરત ન પડેત. એ જ મુજબ દુનિયામાં બચ્ચાં ડાયરેક્ટ પૈદા થાત, માઁના પેટની ઝરૂરત ન પડેત. હાસિલે કલામ, અહલુલ બૈત (અ.સ.), જે નબી સાહેબના આલે અત્હર-ઝુર્રીયતે તૈયેબહ હતા કે, જેના સીનામાં આપની હરએક હિકમત અને ઈલ્મી વાતો, ઈલાહી ઊસૂલો અને સુન્નતો તેમજ આગલા-પાછલા (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ઝિયાદહ બોલીને ઈઝ્ઝત ગુમાવવા કરતા તો થોડું બોલીને ઈઝ્ઝત સાચવવી બહેતર છે.**

## આગ - નાર (અપની ઝબાન)

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવેચ કે, ઈન્સાનના વહેવાર-તબીઅત-મિઝાજ-અમલમાં ૯ તરહની આગ ભડકતી હોઈચ. જો આ આગને કાબૂમાં લેવામાં ના આવે તો, શાયદ કે ઈન્સાનની ઈઝ્ઝત અને તબીઅતમાં ઝૈરો-ઝબરી અને ખરાબી થાવાના ખતરા વધી જાઈચ. કોઈ આગને સોચી વિચારીને લગાવેચ કેમકે જાં તે હોય તે ચીઝ તેની અસ્લી હાલતમાં બાકી રહેતી નથી. આગ હર ચીઝને પોતાનો લુકમો બનાવી લેચ. આગ અઝાબનું એક સાધન છે. આગ ડરની નિશાની અને જહન્નમનું ઈંધન છે.

બની આદમ યાઅની ઈન્સાન વાસ્તે ૯ તરહની આગ હોઈચ. આ આગોનું અસલ તેનું પેટ છે પણ તેના નિકલવાના રસ્તા અલગ-અલગ છે. આ ૯ આગો આ મુજબ છેઃ ૧) શહેવતની આગ ૨) હિર્સની આગ ૩) નઝરની આગ ૪) ઝબાનની આગ ૫) પેટની આગ ૬) જિહાલતની આગ ૭) ગફલતની આગ ૮) નાફરમાનીની આગ ૯) બૈરોની સોહબતની આગ. ઉપર ઝિક્ર થયેલી તમામ આગ જો તેની હદમાં રહે યા ઈન્સાન તેનાસી થાતા નુકસાનને પહેચાની જાય અને તેને દફઅ-દૂર કરવાના તરીકાને આઝમાવી લે, તો ઈન્સાન આ આગોની મઝર્રતથી બચી સકેચ. ઈન્સાનની ઝિંદગીનો દાએરો એવો છે કે, **કોઈના કોઈ સબબથી તે આ આગોનો સામનો કરેચ યા તેનો શિકાર બની જાઈચ.** જે શખ્સમાં આ આગ બેહદ વધી જાય તો પછી તેને દફઅ કરવા વાસ્તે શરીઅતમાં કારગર નુસ્ખાઓ મૌજૂદ છે. નહીં તો, તે વક્ત જાતા તેનો ગુલામ બની જાસે અને શરની ગુલામી, બેઈઝ્ઝતી સિવાય બીજું કઈ આપી સકતી નથી.

૧) શહેવત-ખ્વાહેશાતની આગને દૂર કરવા વાસ્તે રોઝૂં કરે. રોઝૂં હર તરહની શહેવતને મારી નાખેચ. ૨) હિર્સની આગને બુઝાવવા વાસ્તે લાઝિમ છે કે, તે મૌતની ઝિક્ર કરા કરે. મૌતની યાદ, વધારે હાસિલ કરવાના જુનૂનને ખત્મ કરી દેચ. ૩) નઝરની આગને ઠંડી કરવા વાસ્તે જહન્નમની આગનો તસવ્વુર કરવો જોઈએ કે તેમાં ગુનાહગાર નઝરોને પિગલાવવામાં આવસે. ૪) ઝબાનની આગને કૈદ કરવા તૌબાની ઝરૂરત પડેચ. તૌબાના લીધે બગૈર કામની ગુફતગૂને અટકાવી સકાઈચ. તૌબા કરવું ઝબાનની બંદિશ વાસ્તે કાફી છે. ૫) પેટની આગ જમનના સબબ ભડકેચ. **આ આગને મિટાવવા વાસ્તે હલાલ રોઝી અને તેનાથી પકાવવામાં આવેલું જમન છે.** જો જમન હલાલ તરીકાથી હસે તો પેટના હાઝમાનો નિઝામ બરકરાર રહેસે. ૬) જેહાલતની આગને દફઅ કરવા વાસ્તે ઈલ્મનું હાસિલ કરવું ઝરૂરી છે. જેહાલત અંધારૂં છે અને ઈલ્મ રોશની છે. જેહાલત-લાઈલ્મીમાં કીદેલો અમલ બેમાઅના છે, કેમકે તે અમલ બલીને ખાક થઈ જાઈચ. ૭) ગફલતની આગ પન આફત લાવી સકેચ. જાનવાના બાવુજૂદ જો કોઈ ગફલત-નઝરચુકમાં પડી જાય તો તેને મ્હોટું નુકસાન ઉઠાવવું પડે, કેમકે જે કામ-અમલ એક મખ્સૂસ વક્ત વાસ્તે મુકર્રર કરાયો હોય તે વક્ત ગફલતના સબબ હાથસી નિકલી જાય. વક્ત નિકલા બાદ અફસોસ જતાવવો તે આગ મુજબ છે. આલિમ-આકિલની સોહબત-કંપની આ આગને મિટાવી સકેચ. ૮) નાફરમાનીની આગ બરકત અને નૈકીને ખાઈ જાઈચ. સાહેબે દાઅવતની નાફરમાની યાઅની ખુદના નફસને કત્લ કરવા મિસિલ છે. **દાઈની ખુશીમાં ખલ્કની ખુશી શામિલ છે અને દાઈની નારાઝગીમાં ખુદાઓ રસૂલની નારાઝગી શરીકે હાલ છે.** આ આગને દૂર કરવા વાસ્તે સચ્ચાઈ અને વફાદારી કાફી છે. હશર-નશર અને કેયામતના હિસાબ-કિતાબ પર ઈમાન લાવવાસી માઅસીયત-નાફરમાનીની આતિશ બુઝાય જાઈચ. ૯) બૈરોની સોહબતની આગ અખ્લાક અને મિઝાજને બદલી સકેચ. હર વક્ત ઝિનાનો ખૌફ રહેચ. આ આગ સાથે શહેવત અને નઝરની આગ જોડાયેલીચ. આ આગના શોઅલાઓમાં આવીને ઘના લોકો દાગદાર અને બદનામ બની જાઈચ. વાલેદૈન પર વાજિબ થઈ જાઈચ કે, પોતાનો ફરઝંદ યા દુખ્તર જવાનીની ડગર પર કદમ મુકે કે તેમને ઔલાદની શાદી વાસ્તે ફિકર કરવી જોઈએ. બદકારી અને બદનઝરીના રસ્તા પર આજે કોનો-કિવારે પગ ફિસલે તે કહેવું મુશ્કિલ છે. (બકીયાહ પેજ નં. ૬ પર)

**ઈમાનની નિશાની એ છે કે, તમેં જૂઠનો સહારો ના લેજો. તમેં સાચું બોલજો અગર એમ કરવું તમને નુકસાન કેમ ના કરે.**

(પેજ નં. ૫ નું બાકી)
મોબાઈલ અને ઈન્ટરનેટના ગૈર-લાઈક અને ગૈર-વક્તી ઈસ્તેમાલે આ આગને ઔર હવા આપી દીધીચ. હર જગે બેરોકટોક આ આગનો સામાન હાઝિર છે. પન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ આગથી આઝાદી હાસિલ કરવા વાસ્તે નૈક બૈરો સાથે નિકાહ કરવાનો નુસ્ખો પોતાની ખાસ સુન્નતમાં શામિલ કરી દીદોચ. **નિકાહનો પાક રિશ્તો આ આગને ભડકવા દેતો નથી.** ઉપર ઝિક્ર કરવામાં આવેલા નુસ્ખાઓનું જો પાલન કરવામાં આવે તો નવે નવ આગના નુકસાનથી બચી સકાઈચ. નહીં તો આગને તેનું કામ કરવાથી કોઈ રોકી સકસે નહીં. ✫

---

(પેજ નં. ૩ નું બાકી)
ઈબાદત તે વક્ત કરશો કે તમેં મારી માઅરેફત કરશો. તમેં મારી માઅરેફત તે વક્ત કરશો કે તમેં તમારી ખુદની ઝાતને પહેચાનશો. તમારી ઝાત-જાનને પહેચાનવા વાસ્તે તમને મારા પસંદ કીધેલા ઈમામ પાસે જાવું પડશે કે, જે તમને ઈબાદતની રાહ પર ચલાવશે.

અહલે અરબમાં એમ રિવાજ હતો કે, કોઈ બુઝૂર્ગ નાના દીકરા સાથે ગુફતગૂ કરતા હોય, તો લાડ-પ્યારથી "અય મારા ફરઝંદ" કહીને ખિતાબ કરતા હતા. લેહાઝા, આપ મૌલાના આ તરહના કલામ સાંભલીને બોહલૂલ પુકારી ઉઠા કે, અય મારા ફરઝંદ! તમેં તો હજી નાના છો, ને આ તરહના હકીમાના અંદાઝથી કલામ કરો છો. ખુદા તે વાલેદૈન પર રહેમત કરજો કે, જે પોતાની ઔલાદની આ તરહ તરબીયત કરે છે. "અય ફરઝંદ! તમેં મને નસીહત કરો, શાયદ કે તમારા કલામથી મારી આખેરત આબાદ થઈ જાય." બોહલૂલની આ અરઝથી આપ મૌલાએ નસીહત જારી રાખી કે, **તેના દૌરાન ખુદાતઆલાના તકવા અને ખૌફની ઝિક્રે ખૈર કીધી.** આ ઝિક્ર એ મુજબ અસરઅંગૈઝ ગુઝરી કે, આપને બેહોશી તારી થઈ અને આપ ઝમીન ઉપર પડી ગયા.

બોહલૂલ કહે છે કે, તે ફરઝંદને સંભાલવા વાસ્તે હું પણ ઝમીન પર બેસી ગયો. તેના સરને મારી ગોદમાં લઈને તેના મૂઁહ પર જે ધૂલ લાગી હતી તેને સાફ કરવા લાગો. થોડી વારમાં તે હુશિયાર થયા અને બેસી ગયા. મૈં ખૂબ ઈન્કેસારીથી કહ્યું કે, "અય ફરઝંદ! તમેં તો હજી કમસિન છો, ગૈર-બાલિગ છો. તમારી ભલાઈ કે બુરાઈ ખુદાની નઝરમાં ગિનાતી નથી કે, તમેં ખુદાના અઝાબથી એટલા ડરીને આ મુજબ ગમ કરો છો." આપ મૌલા ફરમાવવા લાગા કે, "અય બુઝુર્ગ! તમેં આ મુજબનો સખુન હવેથી ઝબાન ઉપર ના લાવજો. મૈં મારી માઁ સાહેબાને જોઉં છું કે, જે વક્ત તે ચૂલો સિલગાવે છે તે વક્ત પહેલા નાની-નાની લાકડીઓ સિલગાવે છે અને પછી તે આગના સહારે મોટા લાકડાઓને સિલગાવે છે. તે વાસ્તે મેં ડરૂં છું કે, **જહન્નમના મોટા લાકડાઓને સિલગાવવા વાસ્તે નાની-નાની લાકડીઓ માંથી હું ના થાઉં."**

બોહલૂલ કહે છે કે, ખુદાના કસમ! અય લાડલા ફરઝંદ, તમારા માંથી તો બુઝૂર્ગી અને દીનદારીની રોશની ઝલકે છે. તમેં તો હિકમતના પહાડની ટોંચ છો. ખુદાતઆલાની શાનો અઝમતની નહેરે જારી છો. તમેં મારા પર હજી કરમ કરો કે, મને ઔર બીજા નસીહતના કલામ કહો. આપ મૌલાએ ઘણા જ વાલેહાના અને મુઅદ્દેબાના લહેજામાં નસીહતના કલામ એ મુજબ કહ્યા કે, ખુદ બોહલૂલ બેહોશ થઈને ઝમીન પર પડી ગયા. આપે તે બુઝુર્ગને પાની છિડકીને ઉઠાવા અને આપ આપના ઘર તરફ જાવા રવાના થઈ ગયા. બોહલૂલ દીવારને ટેકી દઈને આઁખો બંધ કરીને બેસા હતા કે, થોડી વાર પછી હુશિયાર થયા. બોહલૂલે જોયું કે, બચ્ચાં નઝર નથી આવતા, યહાઁ-વહાઁ ઢુંઢવા લાગા. જે બીજા બચ્ચાં ત્યાં રમી રહ્યા હતા તેને પૂછ્યું કે, જે ફરઝંદ સાથે હું ગુફતગૂ કરી રહ્યો હતો તે કૌન હતું? બચ્ચાંઓ બોલા કે, તે ફરઝંદનું નામ અલી છે અને તે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના દીકરા છે. આ ફરઝંદ હમારા તીસરા ઈમામે ફાતેમી મૌ. અલી ઝયનુલ આબેદીન સૈયેદુર્રાકેઈના વસ્સાજેદીન (અ.સ.) છે. જે મૌલાની દોઆઓના સબબ આજે હમારી ઈબાદત ઝિંદા છે, પુરઅસર છે અને કાબિલે મકબૂલે બારગાહે ખુદાવંદે કરીમ છે. ✫

**ઈમાનની નિશાની એ છે કે, તમેં કોઈ વાર તે ચીઝ ના બોલજો કે જેની તમને સમઝ ના પડતી હોય.**

## દરસે લિસાનુદ્દાઅવત

# ۷ لذتو

مولانا علي امير المؤمنينؑ فرماوے چھے كه، دنيا ني لذتو ۷ چيزو سي حاصل تهائي چھے۔ ١) جمن ٢) پاني ٣) كپڑا ۴) نكاح ۵) خوشبو ٦) سواري انے ۷) غناؤ-گاينو جه ما خوشگوار آوازو هوئي چھے۔ آ لذتو جه دنيا موجب هلاک انے فنا تهاناري چھے، تهنو آدهار جنة ني ته لذتو پر چھے جه هميشه رهناري چھے۔

١) يهاں نا جمن سامے جنة ما اهوا ليلا-سوكها ميواؤ چھے جه نے جنتيو چني چنينے چاهينے جمسے انے جه چاهسے ته پرنداؤ نو تازه گوشت جمسے۔

٢) يهاں نا پيناؤ سامے جنة ما اهوي جوشيلي نهرو وهتي هسے كه جه ما تازه پاني، دودھ، پاكيزه شراب انے مدھ هسے۔ هر نهر ني كيفية الگ هسے انے تهنے پينار واسطے عجب فائداؤ هسے۔

٣) يهاں نا كپڑاؤ سامے جنة ما ريشم نا هر رنگ نا لباس مهيأ هسے۔ هر طرح ني حاجت واسطے كپڑاؤ تيار هسے، پچهي ته جاڑا هوئي، پتلا هوئي، اندر پهروانا يا باهر سي ناكهوانا هوئي۔ سفيد، لال انے ليلو رنگ جنتيو نو سو سي پسنديده رنگ هسے۔

۴) يهاں نكاح واسطے مستورات-صالحات سامے جنة ما روپالا-خوبصورت بئيرو حور العين ني حسين شكل و صورة ما هسے۔ خدمتگذاري ما زيور سي آراسته هسے۔

۵) يهاں ني خوشبو سامے جنة ما روح انے ريحان چھے۔ اهني راحت بخش خوشبو كه جه نا ذريعه دل نے قراريت نو رزق ملا ۓ كرے۔

٦) يهاں ني سواري سامے جنة ما اهوا رنگ بے رنگي گهوڑاؤ هسے جه طوبى نا درخت نا تهڑ ما سي نكلسے انے ته ني خوبصورتي لاجواب هسے كه جه نا اوپر جنتيو جنة ني گليو ني گشت كرسے۔

۷) يهاں نا گاينو-راگ سامے جنة ما آنا كرتا زياده دلكشش انے ولوله انگيز اهوا غنا چھے كه جه افلاک-آسمانو ما ستاراؤ ني چال نا سبب پيدا تهائي چھے۔ آ آسماني غنا-راگ فرشتاؤ نے خدا تعالى ني عبادة طرف كهيچے چھے۔ آسمانو خود ارواح مؤمنين واسطے جنتو چھے۔

### સાત લઝઝતોં

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, દુનિયાની લઝઝતોં સાત ચીઝોથી હાસિલ થાય છે. ૧) જમન ૨) પાની ૩) કપડા ૪) નિકાહ ૫) ખુશ્બૂ ૬) સવારી અને ૭) ગુન્નાઓ-ગાયનો જેમાં ખુશગવાર આવાઝો હોય છે. આ લઝઝતો જે દુનિયા મુજબ હલાક અને ફના થાનારી છે, તેનો આધાર જન્નતની તે લઝઝતો પર છે જે હમેશા રહેનારી છે.
(બકીયાહ પેજ નં. ૮ પર)

**ઈમાનની નિશાની એ છે કે, તમેં બીજા વાસ્તે કોઈ ચીઝ બોલતા હોવ તો સાથે ખુદાતઆલાના અઝાબનો ડર રાખજો.**

# લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) યૌમે હશ્ર, શીઅયાને અલી (અ.સ.) ની કિસ્મતો નસીબો ______ પર હશે અને મુન્કિરાને અલી (અ.સ.) ની કિસ્મત પસ્ત અને ખરાબ હશે. (૨)

૨) હર મુમિનની મૌત ______ ની મૌત છે કેમકે તે અઝાનો ઈકામતમાં અલ્લાહ અને અલ્લાહના વલીની શહાદત દે છે. (૩)

૩) જે સાહેબ અલ્લાહતઆલા તરફથી મખ્લૂક દરમિયાન તેની રિસાલત-પૈગામ પહોંચાવે અને તેની માઅરેફત કરાવે તેને શું કહેવાય? (૩)

૭) હર ______ અને સૂકી ચીઝની ઝિક્ર અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં કીધેલી છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) તે ઝાડ કે જેના સાયામાં જન્નતની હર ચીઝ છે તેને તૂબાનું ______ કહે છે. (૩)

૪) શરીઅતમાં ______ શું અને ગલત શું તે ફક્ત સાહેબે દાઅવત હક્કના દાઈ જ જાણી શકે છે. (૨)

૫) મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.), ના તો ______ પર ચઢાવવામાં આવા હતા, ના તો આપને કત્લ કરવામાં આવા હતા. (૨)

૬) જે શખ્સ દીનમાં જાઈઝ-નાજાઈઝ બાબાત કોઈ ઈલ્મ ના રાખતો હોય તેને તે બાબત કોઈના સાથે ______ ના કરવી જોઈએ. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ના | | |
| | અ | ઝ | હા | |
| ગ | ની | X | જ | હાઁ |
| | સ | ફ | રા | |
| | | લ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.✯

---

(પેજ નં. ૭ નું બાકી)

૧) યહાઁના જમન સાથે જન્નતમાં એવા લીલા-સુકા મેવાઓ છે જેને જન્નતીઓ ચુની-ચુનીને ચાહીને જમસે અને જે ચાહસે તે પરિન્દાઓનો તાઝા ગોશ્ત જમસે.

૨) યહાઁના પીનાઓ સામે જન્નતમાં એવી જોશીલી નહેરો વહેતી હસે કે જેમાં તાઝા પાની, દૂધ, પાકીઝા શરાબ અને મધ હસે. હર નહેરની કૈફીયત અલગ હસે અને તેને પીનાર વાસ્તે અજબ ફાયદાઓ હસે.

૩) યહાઁના કપડાં સામે જન્નતમાં હર રંગના રેશમના લિબાસ મુહય્યા હસે. હર તરહની હાજિત વાસ્તે કપડાં તૈયાર હસે, પછી તે જાડા હોય, પતલા હોય, અંદર પહેરવાના હોય યા બાહરથી નાખવાના હોય. સફેદ, લાલ અને લીલો રંગ જન્નતીઓનો સૌસી પસંદીદહ રંગ હસે.

૪) યહાઁ નિકાહ વાસ્તે મસ્તૂરાત-સાલેહાત સામે જન્નતમાં રૂપાલી-ખૂબસૂરત બૈરો હુરૂલ-ઈનની હસીન શિક્લો સૂરતમાં હસે. ખિદમતગુઝારીના ઝૈવરથી આરાસ્તા હસે.

૫) યહાઁની ખુશ્બૂ સામે જન્નતમાં રૌહ અને રયહાન છે. એની રાહતબખ્શ ખુશ્બૂ કે જેના ઝરીએ દિલને કરારીયતનું રિઝક મિલા જ કરે.

૬) યહાઁની સવારી સામે જન્નતમાં એવા રંગ-બે-રંગી ઘોડાઓ હસે જે તૂબાના દરખ્તના થડ માંથી નિકલસે અને તેની ખૂબસૂરતી લાજવાબ હસે કે જેના ઉપર જન્નતીઓ જન્નતની ગલીઓની ગશ્ત કરસે.

૭) યહાઁના ગાયનો-રાગ સામે જન્નતમાં આના કરતા ઝિયાદહ દિલ-કશિશ અને વલવલા-અંગૈઝ એવા ગિના-રાગ છે કે, અફલાક-આસ્માનોમાં સિતારાઓની ચાલના સબબ પૈદા થાય છે. આ આસ્માની ગિના-રાગ ફરિશ્તાઓને ખુદાતઆલની ઈબાદત તરફ ખેંચે છે. આસ્માનો ખુદ અરવાહે મુમેનીન વાસ્તે જન્નતો છે. ✯

**હમેશા બીમાર રહેવું તે એક તરહની બદબખ્તી છે.**

## સોહક – બૈરોને મુતઅલ્લિક બદકારી

આ દુનિયાની તખ્લીક થઈ તે વક્ત હર જગા પર ખૈર જ ખૈર હતું. પણ જે વક્તથી ઈન્સાન કુદરતી માહૌલથી દૂર થાતો ગયો, સમાજમાં મોટો દેખાવવા બીજાને છેતરવા લાગી ગયો, દુનિયાના સુખ-આરામ પામવા ખોટા રસ્તાઓ પર ચાલતો થઈ ગયો, આસાનીથી પૈસા કમાવવા ચોરી કરતો થઈ ગયો, દીન-મઝહબને રમકડું સમઝીને પોતાના મન-ફાવતા મિઝાજ મુજબ તેનાથી રમતો થઈ ગયો, તે વક્તથી અખ્લાક, સબર અને શરમની તમામ હદ ખત્મ થઈ ગઈ અને તેના પડદા ચાક-ચાક થઈ ગયા.

આજે બેશરમીની બોલબાલા છે. જે જગા પરથી લોગો ઈન્સાફની ઉમ્મીદ રાખતા હોય તે કોર્ટો આજે ઝિનાખોરી અને બદકારી, મરદ-મરદ સાથેના યા બૈરો-બૈરો સાથેના જિસ્માની તઅલ્લુકાતને જાઈઝ ઠહેરાવી રહી છે, તઅલ્લુકાતને મન્ઝૂરી આપી દીધી છે. શાદીની સદીઓ જૂની રૂસૂમાત અને જાઈઝ રિશ્તાઓ પર ખતરાના વાદલો ફિરી રહ્યા છે. **"લવાતત"**-મરદોના ગૈર-કુદરતી જિસ્માની-જિન્સી તઅલ્લુકાત અને **"સોહક"**-બૈરોના ગૈર-કુદરતી જિસ્માની-જિન્સી તઅલ્લુકાત રાખવા આ કાનૂનની નઝરમાં ગુનાહ કે જુર્મ નથી. આ તરહના લોગો નઊઝોબિલ્લાહ શાદી કરી શકે છે અને ફેમિલી રચી શકે છે. દુનિયાના ઘણા મુલ્કોમાં આ બદી અને ફહેશકારીને વરસો પહેલા મન્ઝૂરી મિલી ચુકી છે જે હમણા અપના મુલ્કમાં આ શયતાની અમલને બહાલ કરવામાં આવો.

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને એક બૈરોએ "સોહક" બાબત સવાલ કીધો કે, "અય મૌલા! આપ હમારા જાનો માલના માલિક છે અને આપના સબબ જ દુનિયામાં દીને મોહંમદી તેની અસલ હાલતમાં બાકી છે અને તા-કેયામત રહેશે. **આપ તો કુરઆનના કરીન છો, નાતિક છો અને નફસ છો.** કુરઆનની હરએક ચીઝના આપ અમીન છો. કોઈ ચીઝ કુરઆનમાં એવી નથી જે આપનાથી છુપી હોય. કુરઆનની સનદથી હમેં આપની ઝબાનથી ઝિના અને ઝિના કરનારની સઝાનું બયાન તો સાંભલીએ છીએ. પણ મૌલા જહાઁ હું રહું છું, તે જગા બીજી તરહની બદકારી ચાલે છે જેને સોહક કહે છે. **બૈરો, બૈરો સાથે રહે છે અને બદકારી કરે છે, પોતાના મૂઁહ કાલા કરે છે.** તેઓ શાદી નથી કરતી, નબી સાહેબની સુન્નત પર નથી ચાલતી મગર આ તરહ પોતાની શહેવતની આગ બુઝાવે છે. હું આપને એ અરઝ કરૂં છું કે, કુરઆનમાં સોહકનું શું બયાન છે?"

આપે ફરમાવું કે, "ખુદા તમને અને તમારી ઔલાદને આ બદીથી સલામત રાખે. સૂરતુલ ફુરકાનમાં ખુદાતઆલા **અસ્હાબુર્રસ્સ**ની ઝિક્ર ફરમાવે છે. અસ્હાબુર્રસ્સના ૧૨ ગામો હતા કે જે જગામાં **સનૂબર** નામનું એક મોટું દરખ્ત હતું કે જેને યાફસ બિન મૌ. નૂહે ઉગાવું હતું. આ દરખ્તને આ લોગો પૂજતા હતા. મગર ખુદાતઆલાએ આ કૌમમાં નબી મોકલા કે, તેઓને આ અમલ કરતા રોકે, મગર આ કૌમે ઘણા નબીઓને મારી નાંખા. આ જ અસ્હાબુર્રસ્સની કૌમમાં સોહક કરનારીઓ બૈરો હતી. જે નબીઓએ આ બદીને રોકવાની કોશિશ કીધી તેને શહીદ કરી દેવામાં આવા અને પછી આ બદી જગે-જગે આમ થઈ ગઈ. પણ ખુદાતઆલાએ તે બદકાર કૌમને ના છોડી. સખ્તમાં સખ્ત અઝાબ નાઝિલ ફરમાવો."

તે બૈરોએ પૂછું કે, આ બદકારીની સઝા શું છે? આપ મૌલાએ જવાબમાં ફરમાવું કે, સોહક કરનારીઓ જહન્નમમાં જાશે. તેઓને યૌમે કેયામત આગના મોઝા અને આગના કપડા પહેરાવવામાં આવશે. તે બદકારીની જગાઓ, શરમગાહોને આગના શોઅલાઓથી ભરવામાં આવશે અને જહન્નમમાં માથાને બલ ફેંકવામાં આવશે. **આ "રસ્સીયત બૈરો" ફહેશમાં ફહેશ અને બેશરમમાં બેશરમ હતી.** આ જ તરહથી મૌ. લૂત નબીની કૌમના મરદો લવાતતની બદીમાં ગિરફ્તાર હતા. આ મુજબ કુદરતને ખિલાફના બદ-અમલનો અંજામ, બરબાદી, હાલાકી અને (બકીયાહ પેજ નં. ૨૫૨)

**ઝઈફી અને ફકીરી સાથે હોવી તે એક તરહની બદનસીબી છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ

## કિસ્ત-૩૫

**ભલો થઈશ તો ભલું થાશે - તું બીજા પર રહેમ કરીશ તો બીજા તારા ઉપર રહેમ કરશે**

તમામ અંબિયાએ કિરામ ખુદાતઆલાની બારગાહમાં દોઆ ફરમાવી ગયા છે કે, "વઅદખિલના ફી રહમતેકા વ અન્તા અરહમુર રાહેમીન", યાઅની, અય હમારા રબ! તું હમને તારી રહેમતમાં દાખિલ કર અને તું તમામથી ઝિયાદહ રહેમત કરનાર છે. હર નબી રહેમતના સાહેબ હોય છે. "રહેમ" તેને કહેવાય કે, જેમાં બચ્ચું મોટું થાય અને ૯ મહીના તક માઁના પેટમાં રહીને પછી દુનિયામાં આવે. એક માઁના રહેમથી પૈદા થાનાર તમામ ઔલાદ એકબીજાના મહેરમદાર કહેવાય છે. **જિસ્માની રિશ્તા કરતા રૂહાની રિશ્તો ખૂબ તાકતવર હોય છે.** ખુદાતઆલાથી બખશવામાં આવેલું રહેમ જે રૂહાની-ઈમાની રહેમ હોય છે, તે હર તેના ઈમામે હક્ક પાસે મૌજૂદ હોય છે. જે શખ્સે બાવફાની તરબીયત અને ઉછેર આ મુબારક રહેમમાં થાય છે તેના ઉપર દુનિયા-આખેરતમાં ખુદાની રહેમતના વાદલો વરસતા હોય છે. આ તે જ રહેમત છે કે, જેના સબબ મુમેનીનની એક જમાઅત બને છે અને ઈમામે હક્કના ઈમાની રહેમથી મુમેનીન-મુમેનાત રૂહાની ભાઈઓ-બહેનો બને છે.

રસૂલુસ્સકલૈન મુસલ્લેયલ કિબ્લતૈન, મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) આપની હદીસે શરીફમાં ફરમાવે છે કે, "ઈરહમ મન ફિલ અરઝે યરહમકા મન ફિસ્સમા", યાઅની, તમેં રહેમ કરો તેના ઉપર કે જે ઝમીન પર છે, તો જ આસ્માન પર છે તે તમારા ઉપર રહેમ કરશે. ખુદાતઆલા તેના બંદા પર એ મુજબ નઝર કરે છે કે, તમેં તેની મખ્લૂક પર કઈ હદ તક રહેમ કરો છો. જે મખ્લૂક સાથે બેરહેમીથી પૈશ આવે તેને ખુદાથી રહેમતની ઉમ્મીદ ના રાખવી જોઈએ. અરે! "**બિસ્મિલ્લાહ**" ની આયતમાં રહેમત સિવાય બીજું કઈ નથી. તેમાં "રહેમાન" નબી છે અને "રહીમ" વસી છે.

બની ઈસરાઈલની કૌમમાં એક જવાન રહેતો હતો. જેના સાથે તેના બુઝુર્ગ માઁ રહેતા હતા. માઁના પાસે ચંદ બકરીઓ હતી જેનાથી તે પોતાનો ગુઝારો કરતા હતા. તે જવાન નાનું-સુનું કામ કરીને ગુઝર-બસર કરતો હતો. એક દિન એમ બનું કે, તે જવાનના ઘરમાં મહેમાન આવા અને તે વક્ત માઁ સુઈ ગયા હતા. મહેમાનદારી વાસ્તે ઘરમાં કઈ મૌજૂદ હતું નહીં. તો જવાને માઁની ઈજાઝત લીધા બગૈર એક બકરીને ઝબેહ કરી દીધી અને તેના ગોશ્તની તરકારી બનાવવા બાઝારમાં આપી આવો.

જવાને ખૂબ મહેમાનદારી કીધી અને જે વક્ત મહેમાન રૂખ્સત લઈને ચાલા ગયા, તો માઁ બકરીઓને ચારો નાંખવા ગયા. જોયું કે, તેમાંથી એક બકરી ઓછી છે. માઁએ જવાનને પૂછું કે, આમ કેમ છે? જવાને કીધું કે, મહેમાનો વાસ્તે મૈં એક બકરીને ઝબેહ કરી દીધી. માઁ આ અમલથી ખફા થયા અને કહ્યું કે, **મારી ચીઝ તુંએ મારી રઝા બગૈર કેમ ઝબેહ કીધી?** માઁ આ મુજબ કહેશે તેનો જવાનને અંદાઝો ન હતો. નતીજો એ થયો કે, જવાનનો જમણો હાથ જૂઠો-બેકાર થઈ ગયો, શલ પડી ગયો. જવાનને યકીન થઈ ગયું કે, આ આફત જે હાથ પર આવી છે, તે માઁની નાફરમાનીના સબબ છે. જે હાથથી મૈં બકરીને ઝબેહ કીધી હતી તે જ હાથને ખુદાતઆલાએ બેકાર કરી દીધો. આ આફતથી છુટવા માઁથી મુઆફી માંગી પણ બલા દફઅ થઈ નહીં.

થોડા અય્યામ બાદ જવાન એક દરખ્તના નીચેથી ગુઝર થયો. તેની નઝર કબૂતરના બચ્ચા પર પડી કે, જે તેના ઘોસલા માંથી નીચે પડી ગયું હતું. જવાન ઘણો બેકરાર થયો. તેનો જમણો હાથ ચાલતો ન હતો, તેએ બહુ કોશિશ કીધી મગર બચ્ચાને ઉઠાવવામાં કામિયાબ ન થયો. આખિરકાર જલ્દીથી ઘરે ગયો અને માઁને બોલાવી લાવો. માઁને સાથે મિલીને, તે કબૂતરના બચ્ચા પર રહેમ કરીને તેને દોબારહ માલામાં મુકી દીધું. જવાન ઘણો ખુશ થયો અને માઁએ તેના

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**જેને મૌત આવવાનું યકીન હોય તેના બાવુજૂદ તે ગુનાહ કરવાનું ના છોડે તો તે ઘણો બદકિસ્મત છે.**

## મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના સહીફાઓ

મૌ. અબૂઝરિલ ગફ્ફારી (રિ.અ.) ફરમાવે છે કે, ખુદાતઆલાએ મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) પર દસ સહીફા ઉતારા છે કે, તેમાં નસીહત અને તાવીલના ઓઠાઓ-મિસાલો બયાન કરવામાં આવી છે. તે નસીહતો એ મુજબ છે કે, ખુદાતઆલા ફરમાવે છે કે, "અય દીનના બાદશાહો, અય નબીઓ, અય વસીઓ, અય ઈમામો અને દોઆત, મૈં તમને સઘલાને મારા દીનના આલિમો બનાવા છે, લોગો પર ઊલુલ અમ્ર બનાવા છે. ઊલુલ અમ્ર યાઅની કે, મારા બંદાઓ ઉપર તમને વાલી બનાવા છે. મારા અને મારા બંદાઓ દરમિયાન તમને શાહિદ બનાવા છે. તમારા જ ઝરીએ મારો મીસાક તે લોગોની ગરદનોંમાં પડેલો છે. મેં તમને યાદ અપાવું છું કે, તમને મૈં હરગિઝ દૌલતને જમાઅ કરવા દુનિયામાં નથી પસંદ કીધા. તમને મારા તરફથી દૌલતમંદોની દૌલતને પાક કરવાની છે. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની અસા મુજબ તમારા હાથમાં હિદાયતની ડાંગ છે કે, જેના સબબ તમેં લોગોને સહી રસ્તો બતાવી શકો છે."

"તમારા હાથમાં મારો અમર છે, મારો હુકમ છે. તમેં એટલી જ દૌલત તમારા પાસે રાખજો જેટલી તમને કામ લાગે. મારા દીનને કાઈમ કરવા તમેં ઝરદાર-માલદાર લોગો પાસેથી ઝકાત-ખુમ્સના તલબગાર થાવ. તમેં ખૈરમાં ખર્ચ કરો અને લોગોને પણ એ મુજબ ખર્ચ કરવાની તાકીદ કરતા રહો. **લોગો ખર્ચ કરશે તો તકબ્બુરી અને લાલચથી દૂર રહેશે.** માલદારની ખૈરીયત એમાં જ છે કે, એ તમને ઝકાત આપે. તમેં માલદારની નહીં પણ ગરીબ લોગોની સોહબત ઝિયાદહ કરજો. મૈં તે લોગોના દિલમે ખૂબ કરીબ છું. ગરીબ શખ્સોની મઝલૂમી પર તમેં રહેમ કરજો. તે તમને ધોકો નહીં દે. તે તમારી ઈખ્લાસથી ખિદમત કરશે. તેને તમેં તમારા પાસે બેસાડજો. તેની ફરિયાદને કાન દેજો. અગર તે કાફિર પણ હોય ને, તો પણ તમેં તેની દસ્તગીરી કરજો. આ છે મારા દીનનો પાયો."

ખુદાતઆલા આ સહીફાઓમાં હજી ફરમાવે છે કે, આકિલ, સમઝદાર, સયાનો અને હુશિયાર શખ્સ તે છે કે જે, પોતાના દિન-રાતના કલાકોને, સાઅતોને, લમ્હાતને ચાર હિસ્સામાં તકસીમ કરી દે. આ માંથી પહેલો હિસ્સો એ છે કે, જેમાં બંદો પોતાના રબ્બુલ ઈઝઝત, ખાલિકુસ્સમાવાતે વલ-અર્ઝની હર હાલમાં ઈબાદત કરે, તસ્બીહો તકબીર કરે, કુરઆને કરીમની તિલાવત કરે, દોઆઓ કરે, રાતે મુનાજાત કરે. બીજો હિસ્સો એ છે કે, તે એમ સોચે કે, દુનિયામાં તે એકલો-તન્હા નથી. ખુદાતઆલાની કુદરત અને દુનિયાની અજીબો ગરીબ ચીઝો તેના આસપાસ મૌજૂદ છે. ચંદ ચીઝોથી તે ફાયદો લે છે અને ચંદ ચીઝોને તે ફાયદો આપે છે. આ બધી ચીઝો બગૈર તે રહી શકતો નથી. લેહાઝા, તેના ઉપર વાજિબ છે કે તે ખુદાની કુદરતમાં ફિકર કરે, હર ચીઝથી ઈબરત હાસિલ કરે અને આ તરહ તે ઈલાહીયત-ખુદાઈનો ઈકરાર કરે અને પોતે એક બંદો છે, તેના સબબ તેની ઊબૂદીયતનો પણ તહે દિલથી ઈકરાર કરે.

દિન-રાતના તેના પ્રોગ્રામ માંથી તીસરો હિસ્સો તે છે કે, જેમાં તે વેપાર-તિજારત-કામકાજને બરાબર ચલાવે. શરીઅત જે મુજબ ઈજાઝત આપતી હોય તે મુજબ હલાલ તરીકાથી ખુદાતઆલા તરફથી રોઝી-રિઝકના તલબગાર થાય. **રિબા-વ્યાજ, ધોકેબાઝી, ચોરી યા હરામ રસ્તાથી વેપાર ના કરે.** વેપારમાં માલ મુજબ પૈસા લે, તેમાં દગો કે ભેલસેલ ના કરે. ઘરમાં જે રોઝી આવે તેનાથી પોતાના બૈરો-બચ્ચાંને હલાલનું જમન જમાડે. મિયાનારવી-એતેદાલ-ઈન્સાફથી ચીઝો ખરીદ કરે અને ઘરના તકાઝા પૂરા કરે. બખીલી યા ઈસ્રાફી બેવે ના કરે, ખુદાને આ બેવે ચીઝો નાપસંદીદહ છે.

તેના ઉપર એ લાઝિમ છે કે, તે પોતાના બૈરો-બચ્ચાંને ઘરમાં બરાબર રાખે. ભલાઈ, મોહબ્બત અને ઈન્સાફથી પૈશ આવે. બૈરોને સાથે રાખીને બચ્ચાંની ઉમ્દા તૌર પર તરબીયત કરે. કપડા-લિબાસનો ઈન્તેઝામ કરે અને ઘરવાલાને ભુખા ના સુવાડે. પોતાની શહેવત અને જિન્સી ખ્વાહેશાતને દૂર કરવા પોતાના હલાલ બૈરો યા લોંડી સિવાય હરગિઝ બીજા તરફ નઝર ના કરે, રૂજુઅ ના થાય. ઝિનાખોરી, હરામકારી, બેશરમી અને ગૈર-જાઈઝ જિસ્માની

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**ઝોહદની નિશાની એ છે કે, ઓછામાં ઓછી દુનિયાની ચીઝોથી ઝિંદગીને બસર કરે.**

(પેજ નં. ૪ નું બાકી)

અખ્બારની અમાનત અને થાપણ હતી, તેને ઉમ્મતીઓએ નઝરઅંદાઝ કરીને, આપની આલની મોહબ્બતને ઠુકરાવીને, પોતે બની બેસેલા જાહિલો, દુનિયા-પરસ્ત અને મૌકાપરસ્ત ફાસિદોથી ગૈર-મુસ્તનદ, ફસાદદાર અને ગલતી ભરેલું ઈલ્મ લઈને, પોતે હિદાયત પર છે એમ માની લીધું, તેથી તેઓ ગુમ્રાહ થઈ ગયા.

(બકીયહ મુકદ્દેમો-પ્રસ્તાવના આવતા શુમારામાં)

## અકીદો ૧ : આ આલમ બનાવવામાં આવું છે યાઅની તેનો કોઈ બનાવનાર છે.

આલમ-જહાન **"મોહદસ"** છે, યાઅની પૈદા કરવામાં આવું છે. તેને બનાવનાર **"મોહદિસ"** કહેવાય કે જે તેને બનાવેલી ચીઝો કરતા ઘણો જ આઅલા, બલંદ અને તાકતવર કહેવાય. આ જહાન એવું છે કે, જે પહેલે ન હતું અને પછી વુજૂદમાં આવું. આ આલમ પોતે નથી બનું. લેહાઝા, તે બીજાને તરફ મોહતાજ છે, બીજાના સહારા પર ચાલે છે. તેનો વુજૂદ બીજાના ઝરીઆથી કાઈમ છે. આ મઝબૂત દલીલ છે કે, તે ખુદના બલ પર કાઈમ રહી શકતું નથી. પહેલે કંઈ જ ચીઝ ન હતી, પછી આ જહાનને પૈદા કરવામાં આવું, તેથી તે જૂનું છે, નવું નથી. આ આલમની કૈફીયત એવી છે કે, **તેની ચીઝો કોઈ વક્ત જમા થાય છે તો કોઈ વક્ત જુદી પડી જાય છે.** કોઈ ચીઝ બને છે તો કોઈ ચીઝ બિગડે છે. હર ચીઝની સૂરત બદલાતી રહે છે, યા કોઈની હાલત એક જેવી રહેતી નથી. આ મુજબ હોવાથી હર ચીઝ મજબૂરી અને બેબસીનો શિકાર છે.

આ જહાનની બનાવટ અને તખ્લીક જ એવી કરવામાં આવી છે કે, તેમાં રહેનારી હર ચીઝ જાણે છે કે તે ખુદની ઝાતથી વુજૂદમાં રહી શકતી નથી. તેની હસ્તીનો દારોમદાર બીજાથી મદદ તલબ કરવામાં છે. એકબીજાથી મદદ તે જ વક્ત મુમ્કિન છે કે, આ તમામનો ખાલિક હોય, એક હોય અને તમામની ખૂબીઓ-ખામીઓથી વાકિફ હોય. કોઈ પણ ચક્કર જો ફિરાવવામાં આવે છે તો તે પોતે તો ફિરતો જ નથી પણ તેને કોઈ મઝબૂત ફિરાવનારની ઝરૂરત પડે છે. હરકતનો કરનાર હરકત કરે તો જે કોઈ ચીઝ ઠહેરેલી હોય તે પોતાની જગા પર હરકતમાં આવે છે. આ જહાનમાં હવા, પાની, આગ અને ઝમીન છે જેમાંથી તમામ ચીઝોની તખ્લીક થયેલી છે. જેની સૂરતો અને હાલતો તેની જાન-નફસ મુજબ અલગ-અલગ છે. આ તરહની સૂરતો પોતાની ઝાતથી વુજૂદમાં આવતી નથી પણ તેના વુજૂદ વાસ્તે કોઈ **"મોહદિસ"** યાઅની કે પૈદા કરનારો જોઈએ જ. આ પૈદા કરનાર **"અલ્લાહતઆલા "** છે.

આ **"મોહદિસ"** અલ્લાહતઆલાની ઝાતે પાક એવી મુકદસ અને બલંદતર છે કે, એની બનાવેલી ચીઝો જે આ જહાનમાં મૌજૂદ છે, તેની સિફતોથી, માદ્દાથી, તબીઅતોથી અને આદતોથી તે બરી છે, આઝાદ છે. આ જહાનને ચલાવવા વાસ્તે તેની ઝાતે પાક **"વાજિબુલ વુજૂદ"** છે. તે અછત થઈ જાય એ નામુમ્કિન છે, તમામ ચીઝોનો તેની તરફ આધાર, એતેમાદ અને તકીયો છે. જેના સબબ આ ચીઝોનો જહાનમાં વુજૂદ છે અને ઝિંદગી છે. તો પછી હમેં મખ્લૂક બનીને અગર તે અલ્લાહને પહેચાનવાનો ઈરાદો કરીએ તો હમારી તેને પરામવાની તાકતો-ઈદરાકાત કમ્ઝોર બની જાય છે અને હમારી અક્લો તેના વાસ્તે ફિકર કરવામાં હેરાન થઈ જાય છે. કેમકે, તે ખાલિકે અકબરને પરામવું ઈન્સાની અહેસાસાત, તસવ્વુરાત અને અક્લથી ઉપર છે.

હકીકત એ છે કે, જો કોઈ શખ્સ કોઈ ચીઝની માઅરેફત કરવાનો ઈરાદો રાખતો હોય તો તેના પાસે ત્રણ રસ્તાઓ છેઃ ૧) જિસ્માની અહેસાસાતના ઝરીએ કે જે પાઁચ તરફથી તકસીમ થયેલા છે. સાંભલવું, બોલવું-ચાખવું, સુંઘવું, જોવું અને અડકવું. યાઅની કે, કોઈ પણ ચીઝને જાણવી હોય તો પહેલે તેનો અહેસાસ કરવો ઝરૂરી છે. ૨) અક્લના ઝરીએ કે જે ઈલ્મ અને નફ્સ સાથે વાબિસ્તગી રાખે છે. જિસ્માની અહેસાસ કીધા બાદ મુખ્તલિફ ઈલ્મી અને

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ઝોહદની નિશાની એ છે કે, આઁખ અને ઝબાન પર શયતાનની શહવતોના દરવાઝાને બંધ રાખે.**

# મરસીયા દર હાલે વફાતે રસૂલુસ્સકલૈન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)

૧) મઝમૂઁ ખિલાફે શર્અ ના ઝાકિર ઝબાઁ પે આએ,
પઢ મુસ્તફા કા હાલ કે દિલ ગમ સે થરથરાએ,
સંગે અલમ સે આઈનએ દિલ શિક્સ્તા પાએ,
મુમિન યહાઁ સે ઉઠ કે યે કહેતેં ઘરોં કો જાએ,
નક્શા ખિચા હે સામને રંજો મલાલ કા,
ક્યા મરસીયા હે અહમદે મુરસલ કે હાલ કા.

૨) યારોં રસૂલ કૌન હૈં, ખૈરૂલ વરા રસૂલ,
ઉમ્મત કે વાસ્તે હૈં, સદા ગમઝદા રસૂલ,
હે આસીયોં કે હક્ક મેં, રસૂલે ખુદા રસૂલ,
અપની ઝબાન પર રહે હર વક્ત યા રસૂલ,
રૂત્બા બડા હે નામે રસૂલે અનામ કા,
જબ નામ આએ ગુલ હો અલયહિસ્સલામ કા.

૩) વલ્લાહ ઈનકા ખલ્ક મેં હમસર નહીં કોઈ,
મોહતાજ હૈં પર ઈનસા તવંગર નહીં કોઈ,
ઔર ઈનકે સિવા શાફેએ મહેશર નહીં કોઈ,
યૂઁ સબ હૈં મગર ઈનસા પયમ્બર નહીં કોઈ,
ઐસા સખી જહાઁ મેં હુવા હે ન હોએગા,
કોઈ નબી સા પૈદા હુવા હે ન હોએગા.

૪) રોઓ અય મુમિનોં કે ગમે મુસ્તફા હે આજ,
દારે ફના સે રૂખ્સતે ખૈરૂલ વરા હે આજ,
ગમ મેં તમામ આલે નબી મુબ્તેલા હે આજ,
સર પર પડી બતૂલ કે રંજો બલા હે આજ,
સામાને તાઅઝીયત હે મોહંમદ કી આલ મેં,
ઝહરા યતીમ હોતી હે અઠ્ઠારા સાલ મેં.

૫) અલ-કિસ્સા ગુલ ઉઠા કે જહાઁ હો ગયા ખાલી,
ઝહરાને કહા હો ગઈ બે-વારિસો વાલી,
સામાન યતીમી કા હુવા કૈસે બહાલી,
ઈસ હાલ મેં બાબા કી રહુંગી મૈં સવાલી,
અબ મુઝકો ઝિંદગી યે ગવારા નહીં બાબા,
મેરા તો કોઈ ઔર સહારા નહીં બાબા.

૬) ફાકા ઉઠાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ઉમ્મત કો રોનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ઈઝ્ઝ ઉઠાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
જન્નત બસાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ચહરે સે ઝરા ગોશએ ચાદર તો ઉઠાવો,
ક્યા સો રહે હો મૂઁહ તો નવાસોં કો દિખાવો.

૭) મશ્ગૂલ હુએ ગુસ્લો કફન કે લીએ હૈદર,
શયદાએ નબી જમ્અ હુએ દેવડી પે આકર,
જબ લે ચલે જનાઝા મોહિબ્બાને પયમ્બર,
તબ ફાતેમા ચિલ્લાને લગી સર કો લિપટ કર,
બાબા ચલે તુમ કબ્ર મેં સોને કે વાસ્તે,
ઝહરા કો છોડા પીટને રોને કે વાસ્તે.

૮) બોલી તડપ કે ફાતેમા ઝહરા મૈં ક્યા કરૂં,
થર્રા રહા હે ગમ સે કલેજા મૈં ક્યા કરૂં,
સર સે ઉઠા હે બાપ કા સાયા મૈં ક્યા કરૂં,
બાબા મૈં ક્યા કરૂં મેરે બાબા મૈં ક્યા કરૂં,
મેરા યહાઁ પે ચાનહે વાલા કોઈ નહીં,
બચ્ચોં કા મેરે પૂછનેવાલા કોઈ નહીં.

૯) મૈયેત કે ગિર્દ ફિરને લગી નૌહાગર બતૂલ,
આખિર સિરાહને બેઠ ગઈ ખાક પર બતૂલ,
રો કર કહા કે હો ગઈ અબ દર-બ-દર બતૂલ,
આખિર યતીમ હો ગઈ જાએ કિધર બતૂલ,
અબ દેખને કો બાપ કા લાશા મૈં રેહ ગઈ,
માતમ કી સફ બિછાને કો બાબા મૈં રેહ ગઈ.

૧૦) ક્યૂઁ બોલતે નહીં મેરે બાબા જવાબ દો,
ચિલ્લા રહી હે ફાતેમા આકા જવાબ દો,
મૌલા જવાબ દો મેરે આકા જવાબ દો,
કુછ તો હસન-હુસૈન કે નાના જવાબ દો,
કૈસી હકીર બાદે રસૂલે કરીમ હું,
બાબા યતીમ હું મૈં તુમ્હારી યતીમ હું.

૧૧) બાબા તુમ્હારે બાદ ન અબ પૂછેગા કોઈ,
અબ ફાતેમા પે રહેમ ભી ન ખાએગા કોઈ,
(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**ઝોહદની નિશાની એ છે કે, પોતાના બૈરો સાથે વફા કરે, ઈન્સાફ કરે અને ખુશ-વહેવાર રાખે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

તઅલ્લુકાતથી દૂર રહે. **હરએક ઘરેલું અમરમાં પોતાના પાકદામન અને અફીફહ બૈરોને હમ-શરીક કરે.** ઘરની ઈઝઝત અને હુદૂદને સાચવે. ઘરને ઈબાદત અને પરહેઝગારીના લિબાસથી ઢાંકીને રાખે. એકબીજાના ઐબને ઢાંકે અને નાની-નાની ખતાઓને મુઆફ કરે.

આ મુઆમેલામાં રસૂલુલ્લાહ બાવાજીથી એમ બયાન આવેલું છે કે, "મને તે મુમિન ઘણો જ પ્યારો અને હોશમંદ લાગે છે કે, જે વક્ત તેના તરફ દુનિયામાં કોઈ ખૈર પહોંચે છે, ભલાઈની કોઈ સૂરત દેખાય છે કે, તે બિલા-ખતા ખુદાતઆલાનો હમ્દો શુક્ર કરે છે. અગર દુનિયામાં તેને કોઈ મુસીબતો રંજ આફતો ગમ પહોંચે છે કે, તે બિલા-કુસૂર ખુદાતઆલાનો હમ્દ કરે છે અને સબરથી કામ લે છે. શિકાયતનો એક લફઝ બોલતો નથી. પોતાના દિલમાં એમ અકીદો રાખીને ઝબાનથી અદા કરે છે કે, હમેં ખુદા વાસ્તે છીએ અને તેની જ ઈબાદત કરવા પૈદા થયા છીએ અને આખિર તો હમારૂં હમારા ખુદા તરફ જ પલટવાનું છે. **ખુદાથી મુલાકાત કરવાની છે અને તેને હમારા આઅમાલનો હિસાબ આપવાનો છે.** આ મુજબ તે જ મુમિન કરશે કે, જે પોતાને અને પોતાના ઘરને શયતાની કરતૂતોથી સાચવશે. શહેવત અને દૌલતની આગને બુઝાવવા પોતાના બૈરો તરફ મહબ્બતની નઝરથી જોશે અને પોતાના બચ્ચાંના સર પર શફકતનો હાથ ફિરાવશે. હલાલ રોઝી સિવાયનો એક પણ લુકમો ઘરવાલાને નહીં જમાડે અને રિઝકે હલાલ પર જે તકીયો રાખશે તેના વાસ્તે ખુદા હરએક લુકમાના એવઝમાં તેને હઝાર-હઝાર ગુના સવાબ લખી આપશે. અલ-ગરઝ, ખુદાતઆલાના હુકમ મુતાબિક રાહે હલાલથી દુનિયાના કામ કરવાની તમામ ચીઝો હસનત અને ઈબાદતમાં ગિનાય છે.

ચોથો હિસ્સો પોતાના નફ્સ-જાનના હિસાબનો છે. પોતાનો હિસાબ પોતે જ કરે. આજના દિન તેએ ભલાઈ શું કીધી અને બુરાઈના કામ કેટલા કીધા? રોઝ રાતે તે સુઈ તો આ મુજબ પોતાનો હસાબ કરે અને પોતે સુધરવાની કોશિશ કરે. ગુનેહગાર વાસ્તે આખેરતનો રસ્તો સખ્તમાં સખ્ત છે, પણ દીનદાર વાસ્તે તે બેહદ હસીન છે. આકિલ તે છે જે, **આખેરતની ખૂબસૂરતીને પસંદ કરે, ના કે દુનિયાની.** આ રસ્તાને હસીન બનાવવા વાસ્તે આકિલને જોઈએ કે, આઅમાલનો તૌશો તેના પાસે બરાબર છે, હલાલ તરીકાથી તે લઝઝત ઉઠાવી રહ્યો છે, ઝમાનાના ઈન્કેલાબ અને વક્તના ઈમ્તેહાનથી તે વાકિફ છે, ભુલ થાય તો પોતે તેને સુધારવા પર અને તેને દુરૂસ્ત-બહાલ કરવા પર કમર-બસ્તા છે, લોગોની ગીબત, બુરાઈ અને બેઈઝઝતી કરવાથી પોતાને રોકે છે, મહેમાનોની મહેમાનદારી અને ઈઝઝતઅફઝાઈ કરે છે, જો આ ખસલતો હોય તો તે શખ્સ ખૂબ અકિલ છે અને તેના વાસ્તે અજરો જઝાના ખઝાનાઓ ખુદાતઆલા પાસે તૈયાર છે. આ છે મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહના સહીફાઓ માંથી હિકમતની ચંદ નિશાનીઓ અને નુકતાઓ. ✫

(પેજ નં. ૧૩ નું બાકી)

ખાને કો ખિલાને કો ભી આએગા ન કોઈ,
મર જાએ ફાતેમા તો ન અબ આએગા કોઈ,
અબ ફાતેમા કે સર પે મુસીબત અઝીમ હૈ,
કૌન આએગા કે ફાતેમા અબ તો યતીમ હૈ.

૧૨) સર પીટ કર કહા ન રૂલાઓ બતૂલ કો,
દેકર તસલ્લી પાસ બિઠાવો બતૂલ કો,
સદમા જુદાઈ કા ન દિખાવો બતૂલ કો,
સીને સે એક બાર લગાવો બતૂલ કો,
સાથ અપને લે ચલો મૈં બહુત દિલ મલૂલ હું,
બાબા બતૂલ હું મૈં તુમ્હારી બતૂલ હું.

૧૩) બસ આખિરી ઈસ લાડલી બેટી કા લો સલામ,
યે ફાતેમા દુ:ખ-દર્દ કી મારી કા લો સલામ,
અય બાબાજાન આપ કી પ્યારી કા લો સલામ,
દિન રાત ચક્કી પીસનેવાલી કા લો સલામ,
અબ કોઈ મેરા ચાહને વાલા નહીં રહા,
અબ ફાતેમા કા પૂછને વાલા નહીં રહા. ✫

**ઈન્સાનને લઝઝત ગમે છે પણ જો આ લઝઝત ઝિયાદહ થઈ જાય તો તે આફતમાં તબ્દીલ થઈ જાય છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

નફસાની રસ્તાઓથી સવાલ-જવાબની સૂરતમાં તેમાં શર શું છે અને ખૈર શું છે, તેને પહેચાનવાની કોશિશ કરે છે. ૩) જિસ્માની અને અક્લી અહેસાસ બાદ, બુરહાન-દલીલના ઝરીએ તેની ચકાસણી થાય છે. અલગ-અલગ વક્તોમાં, માહૌલમાં અને મૌસમમાં તેના પર કેવા સહેલા કે શદીદ હાલાત ગુઝરે છે, તે તરફ નિગાહ કરવામાં આવે છે.

અલ્લાહતઆલાની શાન કઈ એવી નથી કે, તેને જિસ્માની અહેસાસાતથી પરામી શકાય યા ઓલખી શકાય. પણ અકલથી માઅરેફત કરીને તેના વાસ્તે દલીલ ઝરૂર લાવી શકાય છે. **આ દલીલ એક તરહની શહાદત બની જાય છે અને તેને કુબૂલ કરનાર શખ્સ શાહિદ બની જાય છે.** જેમ હમેં તૌહીદનો કલેમો પઢીને અલ્લાહતઆલા અને તેની દાઅવતની શહાદત દઈએ છીએ. જેમકે કોઈ શખ્સને મારવામાં આવે તો તેને સાબિત કરવા શાહિદોની શહાદત લેવામાં આવે છે. જો કોઈ શાહિદ જ ન મિલે તો કહેવાય કે, તે વાકેઓ બનો જ નથી, યા કોઈ મુજરિમ છે જ નહીં કે જેએ મારવાનો જુર્મ કીધો હોય. કોઈ શાહિદ બને તો મારવું અને મારનાર બેવે સાબિત થાય છે. આ દલીલ પરથી હમેં ઈકરાર કરીને અકીદો રાખીએ છીએ કે, આ જહાન બનાવવામાં આવું છે અને તેને કોઈ બનાવનાર છે. ✯

(પેજ નં. ૧૦ નું બાકી)

હક્કમાં દોઆ કીધી. માઁએ ખુશીમાં ને ખુશીમાં જવાનનો જમણો હાથ તેના હાથમાં લીધો તો બ-કરિશ્મએ ખુદાવંદી તે જવાનના હાથમાં હરકત થાવા લાગી અને ચંદ લમ્હામાં તો તેના હાથમાં નવી જાન આવી ગઈ. માઁની દોઆઓનો અસર જોઈને જવાને બેવે હાથ ઊંચા કરીને બારગાહે રબ્બાનીમાં હમ્દો શુક્રના કલામ અદા કીધા. પછી હાતિફની નિદા આવી કે, "**અગર તમેં ઝમીનવાલા પર રહેમ કરશો તો આસ્માનવાલા તમારા ઉપર રહેમ કરશે.**" માઁની ખુશી રહેમત છે અને તેની નારાઝગી આફત છે. ✯


## તિજારત

### Unique Collection

We at Unique collection carry out the following works.

- Interior works
- False ceiling of POP and Gypsum
- 3D Stretched Ceiling (Based on themes and lighting)
- 3D Flooring (Theme flooring)
- Renovation Work
- Civil Work
- Electrical Works
- Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.

All the above works are carried out at competitive price.

**Contact :**

**Mohammed Husain Umallawala**

Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.

**M.: +91 9998769628 / +91 9375709551** ✯

**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**

**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**

દુકાન નં.૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.

**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઇશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**બૈરો સાથે કુરબત, ઊંઘ, જમન, હસવું-બોલવું, આ લઝ્ઝતોની ઝિયાદતી તબીઅત બિગાડી દે છે.**

## ૬૧ મી મીલાદ મુબારક
## ૮ રબીઉલ અવ્વલ
## કસીદહ હાતિમીયહ

દાઈએ દીને હોદા એક નૂર કી તસ્વીર હે,
ચાંદ-તારોં મેં ઉસી કી આજ ભી તન્વીર હે.
અય શહે હાતિમ ઝકી, અય પૈકરે હુસ્ને અમલ,
તેરે દમ સે હી જહાઁ મેં કૌમ કી તૌકીર હે.
માઅનીએ કુરઆઁ ભી તું હે, પારએ કુરઆઁ ભી તું,
સચ તો યે હે સૂરએ યાસીન કી તફસીર હે.
નાઈબે તૈયેબ હે તું લખ્તે દિલે તૈયેબ ઝિયા,
અઝમતોં કે આસ્માઁ પર નૈયરે તકદીર હે.
કિસ તરહ માનું કે પોશીદા હે નઝરોં સે ઈમામ,
તેરે લફઝોં સે અયાઁ જબ દીન કી તાસીર હે.
આજ હે મીલાદે દાઈએ રસૂલુલ્લાહ કા,
આજ તા-હદ્દે નઝર તન્વીર હી તન્વીર હે.
બઝમ કા મન્ઝર ન ક્યૂં હો દિલ-ફરેબો દિલ-નવાઝ,
તખ્ત પર જલ્વાનુમા જબ નાઈબે શબ્બીર હે.
શર્ત હે હુસ્ને અકીદત અહલે દિલ કે વાસ્તે,
તેરે દર કી ખાક ભી મિટ્ટી નહીં ઈકસીર હે.
હશ્ર મેં મુમિન કો મૌલા ખૌફ હો કિસ બાત કા,
જો તેરે વાસિફ ભી હે તેરે હી દામનગીર હે. ✯

**દાઈએ ખયરૂલ વરા કે દર સે ક્યા મિલતા નહીં,**
**રોશની લો, અઝમ લો, ઈમાન લો, ઈસ્લામ લો,**
**મંઝિલે દાઈ સમઝ લેના કોઈ આસાઁ નહીં,**
**અક્લ સે સજદે કરો, દિલ સે નઝર કા કામ લો.**

-----------------

**મેરે રહેબર જૈસા કોઈ રહેબરે કામિલ નહીં,**
**જો હમેશા તાઅતે રબ સે કભી ગાફિલ નહીં,**
**છોડ કર દર ઈનકા મૈં જાઉં તો ફિર જાઉં કહાઁ,**
**હૈં બહુત સે દર મગર વો દર મેરે કાબિલ નહીં.**

## " દિમાગ અપના ક્યૂં આસ્માઁ પર ન હો "

સલામી અગર ઈશ્કે રહેબર ન હો,
તો ફિર કિસ લીયે દિલ યે પત્થર ન હો.
કફન ગૈર કે હાથ સે પાએગા,
બશર અપને જામે સે બાહિર ન હો.
રહા સબ્ર સે મેરે દિલ કો સુકૂઁ,
વો કિશ્તી નહીં જિસકા લંગર ન હો.
શરાફત ગર ઈન્સાઁ મેં હોએ શરીફ,
વો તલવાર ક્યા જિસમેં જૌહર ન હો.
મકામીં કા સરતાજ મદહે અલી હે,
વો લશ્કર નહીં જિસકા અફસર ન હો.
ગુલામે દરે દાઈએ મુસ્તફા હું,
દિમાગ અપના ક્યૂં આસ્માઁ પર ન હો. ✯

---

**બઝમે ઈશ્કાં મેં જલા ફિર સે અઝાઈમ કે ચિરાગ,**
**હે યકીં મુઝકો કે પાયેગા તું મંઝિલ કે ચિરાગ.**

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.